ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૯/૨૨-૨૩/ 2426 તારીખ : 27 JUL 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૯/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી હિંમતભાઈ છગનભાઈ કાવઠીયા,**
**મું.વલારડી,**
**તા.બાબરા,**
**જી.અમરેલી.**

**મો.નં – ૯૫૫૮૦ ૮૨૨૩૫**

**વિષય : ખેતીવાડી થ્રી ફેઈઝ કનેકશનનો વિજ પુરવઠો શરૂ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૬/૦૫/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૫/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૨-૨૩/૧૬૫૨ તા.૨૩/૦૫/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૨-૨૩/૧૭૨૭ તા.૩૧/૦૫/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૨-૨૩/૨૧૫૦ તા.૦૧/૦૭/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૭/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **અમરેલી.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બાબરા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૯/૨૨–૨૩**

વાદી :– **શ્રી હિંમતભાઈ છગનભાઈ કાવડીયા,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૧૬/૦૭/૨૦૨૨**

હાજર રહયા :– **શ્રી હિંમતભાઈ છગનભાઈ કાવડીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી આર.એન.માંડાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હિંમતભાઈ છગનભાઈ કાવડીયા, મું.વલારડી, તા.બાબરા, જી.અમરેલીની ખેતીવાડી થ્રી ફેઈઝ કનેકશન નો વિજ પુરવઠો શરૂ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૨–૨૩/૧૬૫૨ તા.૨૩/૦૫/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૦૬/૨૦૨૨ તથા તા.૧૬/૦૭/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી હિંમતભાઈ છગનભાઈ કાવડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ.પટેલ નાયબ ઈજનેર તથા તા.૧૬.૦૭.૨૨ના રોજ શ્રી આર.એન.માંડાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** હું મારા પિતાશ્રી છગનભાઈ મનજીભાઈ કાવડીયા નામે ગ્રાહક નંબર–૬૧૩૨૫/૦૦૪૪૬/૪ થી ૭.૫ હો.પા.નું બાબરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાંથી ખેતીવાડી થ્રી ફેઈઝ કનેકશન ધરાવું છું. જેમાં, મેં તા.૦૨/૧૧/૨૦૨૦ ના રોજ બાબરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં કનેકશનમાં વપરાશ ન હોવાથી ફયુઝ કાઢેલા હોવા છતાં, પણ રોજ રોજ આપ મેળે યુનિટમાં વધારો થતો હોય તે બાબતે બાબરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં સાહેબશ્રીને અરજી કરી રૂબરૂ તપાસ કરવા જણાવેલ. પરંતુ, કોઈ અધિકારીએ રૂબરૂ તપાસ કરી ન હતી.

**૧.૨** ત્યારબાદ, જે મીટર બાબરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા જે મીટર સર્વિસ વાયર સાથે ઉતારી લેબ પરીક્ષણ માટે મોકલાવેલ હતું અને મને અલગ અલગ તારીખ આપી કોઈ એક તારીખે હાજર રહેવા જણાવેલ. જેમાં, હું તા.૨૮/૧૧/૨૦૨૦ ના રોજ અમરેલી ઓફીસે હાજર રહેલ ત્યારે લેબ પરીક્ષણ વખતે ત્યાંના અધિકારી દ્વારા મને

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

રૂબરૂ જણાવેલ કે, આપનું મીટર અમોને ફોલ્ટ હોઈ એવું જણાય છે. તેમ છતાં, જેની વધુ તપાસ માટે અમોએ જે મીટરને કંપનીમાં મોકલાવીશું. ત્યારબાદ, આપનું બિલ એવરેજ મુજબ ગણી વધારાની રકમ બીલમાંથી બાદ થઈ જશે, તેવું જણાવેલ. તેમ છતાં, આજદિન સુધી બાબરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા કોઈપણ પ્રકારના પત્ર દ્વારા કે ફોનથી મીટરમાં ફોલ્ટ બાબતે જણાવેલ નથી. તેમજ વારંવાર ફોન કરી તમારે રકમ રૂ.૨૩૧૦૪/– નું બિલ બાકી હોઈ જે ભરી આપો નહીતો, તમારૂં કનેકશન કાપી નાંખવામાં આવશે. જે બાબતે હું જણાવતો કે મારૂં મીટર ફોલ્ટ હોવાથી લેબ પરીક્ષણમાં ગયેલ છે. જેનો નિર્ણય આવે આગળની કાર્યવાહી કરજો. ત્યારબાદ,મેં તા.૧૧/૦૩/૨૦૨૨ અરજી નંબર– ૪૪૦ થી ફરી બાબરા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં અરજી કરી વિજ બિલ તેમજ મીટર ફોલ્ટ બાબતે જણાવેલ. પરંતુ, આજદિન સુધી તે અરજીનો પણ મને જવાબ આપેલ નથી અને મારા કનેકશનમાં જમ્પર કાપી નાંખેલ છે. જેથી, આપ સાહેબશ્રીને મારી નમ્ર અરજ છે કે, આપના દ્વારા યોગ્ય તપાસ કરી મીટર ફોલ્ટ હોવાથી, બનેલ વધારાના બિલની રકમ બાદ મળે તેમજ વધુ ખરાઈ માટે ફયુઝ કાઢેલ હોવા છતાં પણ રીડીગ ફરતા હોઈ, જેની વિડીયો કોપી પણ મારી પાસે સામેલ છે. જે આ સાથે સીડીમાં કોપી કરીને રાખેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧** ઉપરોકત વિષય સંદર્ભે અન્વયે જણાવવાનું કે, અરજદાર વલારડી મુકામે રહે છે. તેમજ છગનભાઈ મનજીભાઈ કાવડીયા ના નામે ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નંબર–૬૧૩૨૫/૦૦૪૪૬/૪ થી ૭.૫ હો.પા.નું ધરાવે છે. જે વિજજોડાણનું અરજદારને વિજ બિલ માહે ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ નું તા.૦૨/૧૦/૨૦૨૦ ના રોજ હાલના રીડીગ ૮૨૮૧૨ પાછળનું રીડીગ ૪૬૧૬૦ વિજ વપરાશ યુનિટ ૩૬૬૫૨ નું રકમ રૂ.૨૨,૨૫૫/૨૦ નું આપવામાં આવેલ. જે બિલ બાબતે ગ્રાહક દ્વારા તા.૦૨/૧૧/૨૦૨૦ ના રોજ મીટર ફોલ્ટી/ફાસ્ટ હોવા બાબતે અરજી આપવામાં આવેલ.

**૨.૨** જેના અનુસંધાને સદર ગ્રાહકનું મીટર તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ બદલવામાં આવેલ. જેના મીટર રીપ્લેસમેન્ટ પ્રફોર્મા નં–૨૨૧૦૭૩ થી મીટર નં – PG-523339 થી બદલી આપવામાં આવેલ. તેમજ નવું મીટર નંબર – PT-469846 લગાડવામાં આવેલ. તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ ઉતારવામાં આવેલ. મીટર નું લેબ પરીક્ષણ તા.૨૮/૧૧/૨૦૨૦ ના રોજ અમરેલી વિભાગીય કચેરી–૧ ના લેબમાં ગ્રાહકની હાજરીમાં લેબ શીટ નં–૩૫૮૯૫ થી કરવામાં આવેલ. જેમાં મીટરના રીડીગ ૮૪૦૪૧ આવેલ. તેમજ મીટરના બાહય અવલોકન કરતા, બોડી સીલ તથા કાચની સ્થિતિ બરાબર માલૂમ પડેલ તેમજ મીટર ને બેન્ચ પર ચડાવી સદર મીટરનો એકયુચેક ટેસ્ટ લેતાં, + ૦.૨૨ % આવેલ છે.

**૨.૩** વધુમાં, સદર મીટરના એમ. આર. આઈ. ટેસ્ટ લેવા માટે કંપનીમાં મીટર મોકલાવેલ છે. કંપનીમાંથી જે એમ.આર.આઈ. રીપોર્ટ આવશે તે, ગ્રાહકને બંધનકર્તા રહેશે. તેવું દર્શાવેલ છે. સદર મીટરનો સીકયોર કંપનીનો રીપોર્ટ ઈ–મેલ દ્વારા તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજ આવેલ. જેમાં સદર મીટરનો મીટર રીડીગ ડેટામાં મીટરમાં વધુ એમ.ડી. રેકર્ડ ન્યુટ્રલ ડિસ્ટર્બન્સ ના લીધે આવેલ છે. જેન્યુટ્રલ ડિસ્ટર્બન્સ ના લીધે મીટર આઈમેકસમાં રન થયેલ અને એમ.ડી.વધુ રેકર્ડ થયેલ. જે મીટરમાં લોજીક મુજબ આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.3 આમ, કંપનીના રીપોર્ટ મુજબ એમઆરઆઈ ડેટા મુજબ વિજ વપરાશની ગણતરીનું પત્રક બનાવતાં, સદર ગ્રાહકના તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૦૩/૧૨/૨૦૨૦સુધીના રેકર્ડ થયેલ વિજ વપરાશ ન્યુટ્રલ ડિસ્ટર્બન્સ ના લીધે એબ્નોર્મલ એમ.ડી.આવેલ હોય, મીટર ફોલ્ટી ગણી એવરેજ બિલ ગણી વિજ યુનિટ ૮૫૦૩ રકમ રૂ.૫૧૦૧/૮૦ જમા આપવાપાત્ર હોય તેમ જણાય છે. તેમજ બાકીના ૨૮૧૪૯ વિજ યુનિટ વિજ વપરાશ મુજબ હોય, ભરવાપાત્ર થાય છે. જે ગણતરી નું પત્રક આ સાથે સામેલ કરેલ છે.

| P.G.V.C.L. AMRELI DIVISION-1 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| SDN NAME:-BABRA RURAL | | | | | | |
| | | | | | | |
| CONSUMER NO | | 61325004464 | | | | |
| CONSUMER NAME | | CHHAGANBHAI MANJIBHAI KAVTHIYA | | | | |
| CATEGORY | | A2 | | LOAD | | 7.5 HP |
| VILLAGE | | VALARADI | TA | BABRA | DIS | AMRELI |
| DETAIL OF CONSUMPTION AS PER MRI | | | | | | |
| PERIOD | PRESENT READING | PAST READING | CONSUPTION | MD | AVG UNIT | DIFFERENCE |
| 03/12/2020 | 84041 | 83732 | 309 | **32.2** | 181 | 128 |
| 01/11/2020 | 83732 | 82812 | 920 | **33.6** | 181 | 739 |
| 01/10/2020 | 82812 | 81777 | 1035 | **40.4** | 181 | 854 |
| 01/09/2020 | 81777 | 77392 | 4385 | **40** | 181 | 4204 |
| 01/08/2020 | 77392 | 74857 | 2535 | **40.4** | 181 | 2354 |
| 01/07/2020 | 74857 | 74452 | 405 | **40** | 181 | 224 |
| 01/06/2020 | 74452 | 74451 | 1 | 25.8 | | |
| 01/05/2020 | 74451 | 74121 | 330 | 0.8 | | |
| 01/04/2020 | 74121 | 73914 | 207 | 31.8 | | |
| 01/03/2020 | 73914 | 73881 | 33 | 16.2 | | |
| 01/02/2020 | 73881 | 73544 | 337 | 27.2 | | |
| 01/01/2020 | 73544 | 73544 | 0 | 30.8 | | |
| **UNIT TO BE CREDITED** | | | | | | **8503** |
| **AMOUNT TO BE CREDITED IN Rs.** | | | | | | **5101.80** |

૨.૪ વધુમાં, સદર ગ્રાહકના વિજ વપરાશ ગ્રાહકના લેઝર રીપોર્ટ મુજબ સદર ગ્રાહકનું મીટર રીડીંગ જુન–જુલાઈ–૨૦૧૮થી ઓકટો–નવે–૨૦૧૮ લોક હોય તેમજ માહે જુન–જુલાઈ–૨૦૧૯ થી જુન–જુલાઈ–૨૦૨૦ સુધી લોકના બિલીંગ આપવામાં આવેલ. આમ, સદર ગ્રાહક દ્વારા પ્રીમાઈસીસ લોક હોવાના લીધે મીટર રીડીંગ લઈ શકાય તેમ નથી. જેથીવપરાશ થયેલ વિજ યુનિટ નું બિલ માહે ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ માં ૩૬૬૫૨ નું આપવામાં આવેલ તેમજ નવા મીટરના વિજ વપરાશ જોતાં, માહે ઓકટો–નવે–૨૦૨૦ માં ૪૬૦ યુનિટ તેમજ ડિસે–જાન્યુ–૨૦૨૦ માં ૨૬૯૮ યુનિટતેમજ ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૦ માં ૧૮૪૨ યુનિટ નું વિજ બિલ આપવામાં આવેલ. આમ, નવા મીટરના પહેલા ત્રણ બિલ ની એવરેજ ૧૬૬૬ યુનિટ આવેલ. આમ, ગ્રાહકના લેઝર રીપોર્ટ તેમજ એમઆરઆઈ ડેટા મુજબ ગ્રાહકને ૨૮૧૪૯ યુનિટ નું વિજ બિલ ભરવાપાત્ર છે. તેમજ ગ્રાહક દ્વારા બિલની બાકી રહેલ રકમ ભરપાઈ કરેલ ન હોય, સદર ગ્રાહકનું વિજ જોડાણ તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ કાપી નાંખવામાં આવેલ. હાલ, સદર

P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક વિજ જોડાણ રૂા.૨૩,૨૮૦/૨૩ બાકી લેણી રકમ છે. જેમાં, મીટરના એમઆરઆઈ ડેટા મુજબ રકમ જમા આપવાપાત્ર થાય તો, સદર ગ્રાહકે બાકી રહેતી લેણી રકમ રૂા.૧૮,૧૭૮/૪૩ ભરપાઈ કરવાના રહે છે. તેમજ વિજ જોડાણ ચાલુ કરાવવા માટે કંપની ના નિયમ મુજબ રીકનેક્શન ચાર્જ ની રકમ ભરપાઈ થયે, વિજ જોડાણ શરૂ કરી શકાય. આમ, મીટરના એમઆરઆઈ ડેટા તેમજ ગ્રાહકની લેઝર કોપી તેમજ મીટર કંપની ના રીપોર્ટ ને આધારે ગણતરી કરવામાં આવેલ. જે ગણતરી પત્રકો તેમજ ગ્રાહકના વપરાશ દર્શાવતા પત્રકની નકલ આ સાથે સામેલ કરેલ છે.

| DETAIL OF CONSUMPTION AS LEDGER OF CONSUMER NO 61325004464 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| MONTH | PRESENT READING | PAST READING | CONSUPTION | STATUS | BILL DATE | |
| DEC-JAN-18 | 46130 | 46130 | 0 | | 31-01-2018 | |
| FEB-MAR-18 | 46140 | 46130 | 10 | | 28-03-2018 | |
| APRIL-MAY-18 | 46150 | 46140 | 10 | | 02-06-2018 | |
| JUN-JUL-18 | 46150 | 46150 | 0 | L | 15-08-2018 | |
| AUG-SEP-18 | 46150 | 46150 | 0 | L | 29-09-2018 | |
| OCT-NOV-18 | 46150 | 46150 | 0 | L | 02-12-2018 | |
| DEC-JAN-19 | 46150 | 46150 | 0 | | 31-01-2019 | |
| FEB-MAR-19 | 46150 | 46150 | 0 | | 11-04-2019 | |
| APRIL-MAY-19 | 46160 | 46150 | 10 | | 06-06-2019 | |
| JUN-JUL-19 | 46160 | 46160 | 0 | L | 30-07-2019 | |
| AUG-SEP-19 | 46160 | 46160 | 0 | L | 03-10-2019 | |
| OCT-NOV-19 | 46160 | 46160 | 0 | L | 10-12-2019 | |
| DEC-JAN-20 | 46160 | 46160 | 0 | L | 30-01-2020 | |
| FEB-MAR-20 | 46160 | 46160 | 0 | N | 10-04-2020 | |
| APRIL-MAY-20 | 46160 | 46160 | 0 | L | 03-06-2020 | |
| JUN-JUL-20 | 46160 | 46160 | 0 | L | 25-07-2020 | |
| AUG-SEP-20 | 82812 | 46160 | 36652 | C | 02-10-2020 | |
| **TOTAL CONSUMPTION** | | | **36682** | | | |
| **PERIOD** | | | **34 MONTH** | **AVG UNIT** | | **2157** |
| CONSUMER NO | 61325004464 | | | | | |
| CONSUMER NAME | CHHAGANBHAI MANJIBHAI KAVTHIYA | | | | | |
| CATEGORY | A2 | | LOAD | | | 7.5 HP |
| VILLAGE | VALARADI | TA | BABRA | | DIS | AMRELI |
| NEW METER CONSUMPTION | | | | | | |
| MONTH | PRESENT READING | PAST READING | CONSUPTION | STATUS | BILL DATE | |
| OCT-NOV-20 | 463 | 3 | 460 | | 26-11-2020 | |
| DEC-JAN-20 | 3161 | 463 | 2698 | | 29-01-2021 | |
| FEB-MAR-20 | 5003 | 3161 | 1842 | | 22-03-2021 | |
| APR-MAY-21 | 5003 | 5003 | 0 | | 06-06-2021 | |
| JUN,JUL,21 | 5003 | 5003 | 0 | | 30/07/2021 | |
| AUG,SEP,21 | 5751 | 5003 | 748 | | 28/09/2021 | |
| OCT,NOV,21 | 6851 | 5751 | 1100 | | 30/11/2021 | |
| DEC,JAN,22 | 9258 | 6851 | 2407 | | 02/02/2022 | |
| FEB,MAR,22 | 9285 | 9258 | 27 | D | 09/04/2022 | |
| APR,MAY,22 | 9285 | 9285 | 0 | D | 06/06/2022 | |
| **NEW METER AVERAGE CONSUMPTION (FIRST THREE BILL)** | | | | **1666** | | |

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી હિંમતભાઈ છગનભઈ કાવઠીયા, મું.વલારડી, તા.બાબરા, ખાતે છગનભાઈ મનજીભાઈ કાવડીયા ના નામે ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં–૬૧૩૨૫/૦૦૪૪૬/૪ થી ૭.૫ હો.પા.નું ધરાવે છે. તથા તેમને પ્રતિવાદી દ્વારા ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ નું તા.૨/૧૦/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ. ૩૬૬૫૨ યુનિટના રૂા.૨૨૨૫૫/૨૦ ના બિલ ભરપાઈ ન થવાને કારણે, પાવર કટ કરી નાંખવા બાબતે તેમજ તેમના મીટરમાં વપરાશ ન હોવા છતાં, મીટર ફરતું હોવાની બાબતને લઈને તકરાર થતાં, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજની પ્રથમ સુનાવણી દરમ્યાન વાદી દ્વારા મૌખિક રજૂઆત કરીને મોબાઈલ વિડિયો દર્શાવી પોતાનો પક્ષ રાખેલ. આ તબકકે ફોરમ દ્વારા પ્રતિવાદી ને સ્થળ ચકાસણી તથા એમઆરઆઈ રીપોર્ટ ને આધારે જરૂરી એનાલીસીસ કરી, વધુ વિગતો સાથે બીજી મુદતમાં હાજર રહેવા જણાવવામાં આવેલ.

૩.૩ આજરોજ તા.૧૬/૭/૨૦૨૨ ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી કચેરી દ્વારા વિગતવાર જવાબ રજૂ કરવામાં આવેલ છે. તેમજ વાદીના વિજ મીટર ના એમઆરઆઈ રીપોર્ટને ધ્યાને લેતાં, તા.૨૦/૬/૨૦૨૨ ના રોજની ચકાસણીમાં મીટરનો મીટર રીડીગ ડેટામાં મીટરમાં વધુ એમ.ડી.રેકર્ડ ન્યુટ્રલ ડિસ્ટર્બન્સ ને લીધે આવેલ હોવાનું ફલીત થયેલ છે. આમ, મીટરમાં ખામી હોવાનું સાબિત થયેલ છે.

૩.૪ ઉપરોકત બાબતને ધ્યાને લઈ, પ્રતિવાદીની કચેરી દ્વારા રજૂ થયેલ સ્ટેટમેન્ટ (ઉપર ન. ૨.૩ ) મુજબ વાદીના મીટરના તા.૧/૧/૨૦૨૦ થી તા.૧/૭/૨૦૨૦ સુધીના સમયના મીટર ફોલ્ટી સમયગાળા દરમ્યાન ની બાદ આપવા પાત્ર રકમ રૂા.૫૧૦૧.૮૦ દર્શાવેલ છે. જયારે કે, ડિસે–જાન્યુ–૨૦૧૮ થી ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ સુધીના આપવામાં આવેલ છે તેમજ '' લોક '' ના બિલો સામે એવરેજ ૨૧૫૭ યુનિટ ના વપરાશ ગણતરીમાં લીધેલ છે.

સવિશેષ વાદીના મીટર બદલ્યા બાદના સમયગાળા એટલે કે, ઓકટો–નવે–૨૦૨૦ થી એપ્રિલ–મે–૨૦૨૨ દરમ્યાન ના વપરાશના એવરેજ ૧૬૬૬ યુનિટ ની ગણતરી ધ્યાને લીધેલ છે. (ઉપર ન. ૨.૪ ) આમ, વાદીને તા.૨/૧૦/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ ૩૬૬૫૨ યુનિટ ની સામે ઉપરોકત ગણતરીઓ બાદ આપવાપાત્ર જમા યુનિટ ૮૫૦૩ ને ધ્યાને લેતાં, હવે ૨૮૧૪૪ યુનિટ નું બિલ ભરવાપાત્ર બને છે. આ તબકકે ફોરમને પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી જી.ઈ.આર.સી. ના નોર્મ્સ મુજબની જણાય છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

૩.૫ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીના ખાતામાં ૮૫૦૩ યુનિટ ની રકમ રૂા.૫,૧૦૧/૮૦ જમા આપવી તથા તેના પર લગાવેલ વિલંબીત ચૂકવણી ચાર્જ પણ મજરે જમા આપવો. જ્યારે, વાદીને ૨૮૧૪૯ યુનિટ નું બિલ ભરવાપાત્ર થતું હોય તેની રકમ જમા કર્યેથી પ્રતિવાદીએ વાદીનો વિજ પુરવઠો તુરંત શરૂ કરી આપવો.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૬/૦૭/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar